# વિશ્વ માતૃભાષા દિવસ

સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક, અને સાંસ્કૃતિક સંગઠન ( યુનેસ્કો) એ ૨૧મી ફેબ્રુઆરીને **‘વિશ્વ માતૃભાષા દિવસ’** તરીકે ઊજવવાનું જાહેર ક રેલ છે. ૨૧મી ફેબ્રુઆરી એટલે સહુને માટે ગૌરવવંતો દિવસ , અને આ દિવસ નિમિત્તે માતૃભાષાની જાળવણી અને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ ના મહત્વ સંદર્ભે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી) નાં નિર્દેશાનુસાર વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ દ્વારા, રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલીટેકનીક, વસો ખાતે નિબંધ લેખન ( વિષય: મારે મન મારી માતૃભાષા), વકતૃત્વ સ્પર્ધા (વિષય : માત્ર અંગ્રેજી ભાષા સફળતા ની ચાવી નથી) અને માનદ વ્યાખ્યાન નું સફળ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. યોગેશ શુક્લની ઉપસ્થિતિમા ડૉ. ગુણવંત વ્યાસ, સહ-પ્રાધ્યાપક, આણંદ આર્ટસ કોલેજ, આણંદ અતિથિ વિશેષ તરીકે હાજર રહી પ્રેરણાદાયી વક્તવ્ય આપેલ હતું . તદુપરાંત નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૂમિકા અદા કરેલ હતી. વધુમાં નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધા માં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપી સન્માનિત કરવામાં આવેલ હતા .




